INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>૧૨-૦૩-૨૦૨૫</u>**

- **દક્ષિણ ગુજરાતમાં વીજળી ડુલ થવાથી ડોમેસ્ટિક અને ઔદ્યોગિક એકમોને મોટી મુશ્કેલી આવી પડી તે માટે વીજ કંપનીઓ દ્વારા સમયસર સમારકામનો અભાવ જવાબદાર**
- **ભરઉનાળે વીજ સપ્લાય ઠપ્પ થતાં લોકો ત્રાહિમામ : અનેક ઉપકરણોને મોટી નુકસાનીની શક્યતા**
- **સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજળી ઠપ, 32 લાખ 37 હજાર ગ્રાહકોને વીજળી ડુલ થતાં મોટી પરેશાની**

ઉકાઈ પાવર સ્ટેશન બેસી જતા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજળી ડુલ થવાથી ડોમેસ્ટિક અને ઔદ્યોગિક એકમોને મોટી મુશ્કેલી આવી પડી તે માટે વીજ કંપનીઓ દ્વારા સમયસર સમારકામનો અભાવ જવાબદાર હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યુ હતું કે સરકારી વીજમથકોમાં મોટાપાયે કર્મચારીઓની ખાલી જગ્યા છે રાજ્ય સરકાર લાંબા સમયથી કાયમી કર્મચારીઓની ભરતી કરતી નથી જેના લીધે મોટા ભાગના કામો કોંટ્રાક્ટરોના હવાલે કરી દેવામાં આવે છે અને જે કામ કોંટ્રાક્ટરો કરે તેનુ સુપરવિઝન સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવતુ નથી જે ગંભીર બાબત છે. ઉકાઈના તમામ પાવર પ્લાન્ટ બેસી ગયા, કલાકો સુધી વીજળી પુનઃ સ્થાપિત નહિ થઈ શકે તેવી સ્થિતિ જણાય છે. ટ્રેન વ્યવહારને પણ અસર થવાની સંભાવના, ટ્રેનો પણ થંભી જશે તેવું જાણવા મળે છે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજ કટોકટી સર્જાઈ છે. ઉકાઈ પાવર સ્ટેશન બેસી જતા 7 જિલ્લા, 45 તાલુકા, 23 શહેર, 3461 ગામોના 32 લાખ 37 હજાર લોકો વીજ વિહોણા બન્યા છે, ભરઉનાળએ વીજસપ્લાય ઠપ થતાં લોકો ત્રાહિમામ પોકારી ગયાં.ગરમીના આરંભ સાથે જ દક્ષિણ ગુજરાતમાં વીજ સંકટ ઉભું થયું છે. ઉકાઈ પાવર પ્લાન્ટના તમામ યુનિટ બેસી જતા વીજળી વેરણ બની છે. જેના કારણે દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા 7 જિલ્લા, 45 તાલુકા, 23 શહેર, 3461 ગામોમાં આપતો વીજ પુરવઠો થંભી ગયો છે.ઉકાઈ પાવર પ્લાન્ટ બેસી જવાથી આખા દક્ષિણ ગુજરાતમાં વીજળી બંધ થઈ છે. ખાનગી વીજ કંપનીઓનાં પાવર સપ્લાય પણ સ્થગિત થઈ ગયો છે.વીજ પુરવઠો પુન: સ્થાપન થતાં કેટલો સમય લાગશે તે અંગે વીજ કંપનીઓના અધિકારીઓ મૌન ધારણ કરીને બેઠા છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં રહેણાંક, વાણિજ્ય અને ઉધોગો વીજ વિહોણા બની ગયા છે.પાવર ઠપ થતા ટ્રેન વ્યવહાર પણ અટકી શકે છે. જોકે વીજ કંપની પાવર ઠપ થવામાં ટ્રેનો કઈ રીતે દોડી શકશે તેના પર સવાલ ઉઠી રહ્યાં છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવકતા